ક્રમાંકઃઇએસટી/૧૦૦૭/૯/ધાર.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ 17 MAR

પ્રતિ,
નિયામકશ્રી નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વિષયઃ- નગરપાલિકાઓના ચીફ ઓફિસરોના જનરલ પ્રો.ફંડના ખાતામાંથી પેશગી, અંશતઃઆખરી ઉપાડ, આખરી ચૂકવણી તથા જૂથવીમા યોજના હેઠળની વિમા ફંડ તેમજ બચત ફંડની ચૂકવણી મંજૂર કરી ચૂકવણું કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયે આપની તા.૨૩/૨/૨૦૦૭ ની દરખાસ્તથી નગરપાલિકાઓના ચીફ ઓફિસરોના જી.પી.એફ.ના ખાતામાંથી પેશગી, અંશતઃઆખરી ઉપાડ, આખરી ઉપાડ અને જૂથવીમા યોજના હેઠળની વીમા ફંડ તેમજ બચત ફંડની ચૂકવણી મંજૂર કરી ચૂકવવાની કાર્યવાહીની બાબતમાં નીચે પ્રમાણેની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીઓની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૬ ના નિયમ-૧૨ તેમજ નિયમ-૧૬ મુજબ સમાવેશ કરાયેલ ચીફ ઓફિસરો તેમજ સીધી ભરતીના ચીફ ઓફિસરોના નગરપાલિકા દ્વારા ચલાવતા પ્રો.ફંડ ખાતામાં જમા થયેલ રકમ ગુજરાત જન.પ્રો.ફંડમાં જમા કરાવવા અને મુંબઇ જનરલ પ્રો.ફંડના નિયમો હેઠળના નિયમોથી નિયંત્રિત થાય છે. જેથી ગુજરાત સરકારના ગુજરાત સામાન્ય પ્રો.ફંડ નિયમો લાગુ પડે છે.

સરકારશ્રીના નાણાં વિભાગ ના તા.૨૩/૫/૧૯૭૯ ના ઠરાવથી યુનિવર્સિટીઓ, મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓના પ્રોવિડન્ટ ફંડની તમામ પ્રકારની સિલકો વ્યાજસહિત, નિયમિત થતી પ્રોવિડન્ટ ફંડની કપાતો સરકારશ્રીમાં જમા કરાવવાનું ઠરાવેલ છે, જે મુજબ ભવિષ્યનિધિની રકમો સરકારશ્રીમાં જમા કરાવેલ હોવાથી વ્યાજ સહિતની ચૂકવણીની જવાબદારી સરકારશ્રીએ સ્વીકારેલ છે. આથી આ ઠરાવ મુજબ તેમજ મુંબઇ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોની સંબંધિત જોગવાઇઓ હાલના નિયમો અને બીજી શરતોને આધીન રહીને નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓના સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી/અંશતઃ આખરી ઉપાડ મંજૂર કરવાની કાર્યવાહી આપશ્રી કક્ષાએથી કરવા વિનંતી છે.

સરકારશ્રીના નાણાં વિભાગ ના તા.૧૦/૧૧/૮૧ ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂથ વીમા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અમલમાં આવ્યા બાદ સરકારી નોકરીમાં દાખલ થનાર તમામ કર્મચારીઓને ફરજીયાત રીતે આ જૂથ વીમા યોજના લાગુ પડે છે. ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ ચીફ ઓફીસર્સ સર્વિસ હેઠળના ચીફ ઓફીસરો રાજ્ય સરકારના કર્મચારી હોઇ તેમને પણ આ યોજના લાગુ પડે છે.

નગરપાલિકાના મુખ્ય અધિકારીઓ નગરપાલિકાના ભંડોળમાંથી પગાર મેળવતા હોઇ જૂથ વીમા યોજના અંગે નિયમોનુસાર તેઓએ ભરવાનો થતો ફાળો ચલણથી સરકારી તિજોરીમાં આ હેતુ માટે નિયત થયેલ સદરે જમા કરવામાં આવે છે. અને તે અંગેના હિસાબો નગરપાલિકા નિયામકશ્રીની કચેરી દ્વારા રાખવામાં આવે છે. આથી જૂથ વીમા યોજનાના નિયમો તથા તિજોરી નિયમો હેઠળ જૂથ વીમાની રકમ મંજૂર કરવા અને ચૂકવણાં કરવાની કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( એસ.ડી.ચૌધરી )

સેકશન અધિકારી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

<u>નકલ રવાના:-</u>

- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ
- પ્રમુખશ્રી/ચીફ ઓફિસરશ્રી, [illegible] નગરપાલિકાઓ.
- સિલેકટ ફાઇલ.